

ॐ

लग्नोत

संतुष्टो भार्यया भर्ता भ
नास्मिन्नेव कुले नित्यं कल्य

प्रकाशक—ललिताशंकर

સુરત, નાગર ફળીયુ.



ॐ

लग्नोत्सवी.

संतुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।
तस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥

[मनु]

શ્રી પેટલાદવાસી મારા પ્રિય જ્ઞાતિબંધુઓઃ—

આપની ઉદાર વૃત્તિ, તથા કાળની ફાળની સાથે આગળ ધસવાની ઉત્સાહી વૃત્તિ, તથા સમસ્ત જ્ઞાતિબન્ધુઓમાં ઐક્ય તથા નિકટનો સંબંધ થાય તેમાં નિષ્કંટક, ઉત્તેજીત અને આનંદની વૃત્તિ-એ વૃત્તિત્રયીની ઉધાણીમાં પરમ પ્રેમ અને આદર પૂર્વક—પૂજ્ય વૃદ્ધો, ઉત્સાહી યુવકો, માનનીય માતાઓ, રસ રંગે ભરપૂર ઉમંગી સન્નારીઓ, અને કેલવણીના વેહમાં તરતા શિખતાં બાળકો અને બાળાઓ—(ભાવીના પિતાઓ અને માતાઓ) તથા આ કર્મક્ષેત્રમાં કર્ત્તવ્ય પરાયણતાના પારણામાં ઝૂલતાં મુઠ્ઠીવાળી મક્કમપણું બતાવતાં બાળકો—એ સર્વેને આ લઘુ "**લગ્નોત્સવી**" આ શુભ લગ્નની લ્હાણી તરીકે—અર્પણ કરૂં છું.

ચૈત્ર વદી ૭ શુક્રવાર
૧૯૭૦.

આપનો સ્નેહાંકિત
જ્ઞાતિબન્ધુ
લલિતાશંકર લાલશંકર વ્યાસ.

ૐ

લગ્નોત્સવી.

સગુણ બ્રહ્મસ્વરૂપ શ્રી ગણેશ સ્તવન.

(શાર્દૂલ)

ઓમકારસ્વરૂપા ગણેશ સગુણા વંદું હું અગ્રે સ્મરી,
બુદ્ધિ, સત્વ રજો તમો ગુણત્રયી એ રૂપમા છે રહી,
હસ્તે દક્ષિણ **જ્ઞાન** અંકુશ નિચે **જ્ઞાનેન્દ્રિયો** અંગુલી,
વામે પાશ, મહીં રહિ નિરખશો **કર્મેન્દ્રિયો** જે વડી. ૧

બીજા હસ્ત વિષે રચ્યું મુરતિમાં **પ્રાણોતણું પંચક,**
હસ્તે વામ દ્વિતીયમાં **વિષયની** જાળી રહી અંકિત;
છે **આકાશ મહત્** રચ્યું ઉદર તે વક્ષ સ્થળે **મન** છે,
નાભી **ચિત્તની** આસપાસ નિરખો **તત્વોતણું** તત્ર તે. ૨

જેના ભાગ અધો વિષે કૃતિ **અંહકારી** ખડી છે રહી,
તેમાં હે **અધિકારી** ને **વિષયીને** છે **પામરોની** ત્રયી;
માયા મૂષક પાદ હેઠ કર્યો છે દિવ્ય જે મૂરતી,
તે મૂર્તિ પ્રથમે સ્મરૂં **પ્રણવની** ધી શિલ્પિની જે કૃતિ. ૩

જગદંબાને નમન.

(ગરબા)

નમીએ અમે સરવે પડી તુજ ચરણે,
અલબેલી થાતું પ્રસન્ન આવ્યા તુજ શરણે—નમીએ૦
ભક્તભરણુ શુભ કરણુ ઝરણ સુખ ચરણશરણુ છે તારૂં
દળી અરિ નિરમળી કર મુજ મતિને—અમે સરવે૦
આયુધ ધરી નીજ અંગ, સ્હાય કો ન લીધા સંગ,
માર્યા દૈત્ય માતંગ, રોળ્યો ચંડ પ્રચંડ;
તેનાં શસ્ત્રો કરી ભંગ, મા મચાવ્યો ભારી જંગ,
અરિદળ વાદળ નાખી વિખેરી.
શાન્તિ પ્રસાગે સુરંગ—નમીએ૦

मंगलाष्टक

श्रीमद्विघ्नहरो गजानन धरो, गौरी सुतः सर्वगः
श्रीलंबोदर विघ्नराज सहितो विद्यानिधि पूरितः
सिन्दुराक्षत मोदकैः सुकुसुमैर्देवैः सदा वंदितः
सो देवो गण नायको प्रभुवरः कुर्वंतु नो मंगलम् १

हेरंबासुर पूजितो गुणमयो लंबोदर श्रीयुत
श्रीसुंढो गज कर्णको गजमुखो गंभीर विद्यागुण
गौर्या पुत्र गणेश्वरो हरसुतो गोविंद पूजा कृतो
यात्रा जन्म विवाह समये कुर्वंतु नो मंगलम् २

श्रीमत्पंकज विष्टरो हरि हरो वायु महेन्द्रोऽनिल.
देवो भास्कर वित्तपाल वरुण प्रेताधिपो नैर्ऋत.
प्रद्युम्नो नल कूबरः सुरगजो चिन्तामणि कौस्तुभः
स्वामि शक्तिधर श्चलांगुलधर कुर्वंतु नो मंगलम् ३

गंगा गोमति गोपतिर्गणपतिर्गोविंद गोवर्धनो
गीता गोमय गोरजो गिरि सुता गंगाधरो गौतम
गायत्री गरुडो गदाधर गया गंभीर गोदावरी
गंधर्व ग्रहगोप गोकुलगणः कुर्वन्तु नो मंगलम् ४

नेत्राणां त्रिनयं शिवः पशुपते रग्नित्रयं पावनं
पुण्यं विष्णु पदत्रयं त्रिभुवन ख्यातं न रामत्रयं
गंगावाह पथत्रयं सुविमलं देवत्रयं ब्राह्मणं
संध्यानां त्रितयं द्विजैरभिहितं कुर्वन्तु नो मंगलं ५

गौरी श्री रदिनी सुपर्णजननी कद्रुमहेंद्रु प्रिया
सावित्री च सरस्वति च सुरभि सत्यं वृता रुंधती

स्वाहा जांबुवती च रुक्मीभगिनी दु:स्वप्नविध्वंसिनी
वेलाश्चांबु निधे स मीन मकरा कुर्वन्तु नो मंगलम् ६

अश्वत्थो वट वृक्ष चंदन तरु मंदार कल्पद्रुमो
जंबु निंब कदंब चूत सरला वृक्षाश्चये क्षीरिणा:
सर्वे ते फल मिश्रिता वन मम विभ्राजकं राजते
रम्यं चैत्ररथं सनंदवनं कुर्वन्तु नो मंगलम् ७

लक्ष्मी कौस्तुभ पारिजातक सुरा धन्वंतरिश्चंद्रमा
गाव. काम दुघा सुरेश्वर गजो रंभा च देवांगना
अश्व. सप्त मुखो सुधा हरि धनु:शंखो विष चाबुंधे
रत्नानि च चतुर्दश प्रति दीन कुर्यात सदा मंगलम् ८

गंगा सिंधु सरस्वती च यमुना गोदावरी नर्मदा
कावेरी सरयू महेंद्र तनया चर्मण्वती वेदिका
क्षिप्रा वेत्रवती महासुर निधी ख्याता गया गण्डकी
पूर्णा पूर्ण जला समुद्र सहिता कुर्वन्तु नो मंगलम् ९

ब्रह्मा वेद पति शिव. पशु पति. सूर्यो ग्रहाणां पति
शक्रो देवपतिर्यमापितृ पति श्चंद्र श्च तारा पति:
विष्णु र्यज्ञपति र्हवि र्हुतपति. स्कंद श्च सेनापति:
सर्वे ते पतय. सुपर्ण सहिता कुर्वन्तुनो मंगलम् १०

ब्रह्म ज्ञान रसायनं सुरधरं वेदं तथा ज्योतीषं
व्याकर्णं च धनुर्धरं जलतरं मंत्रश्च कुष्टो परं
कोकैर्वीहित वाजीनं नृतनटं संबोधीनी चातुरी
विद्या नाम चतुर्दश प्रतिदिनं कुर्वंतु नो मंगलम् ११

सिद्धार्था दधी पात्र मक्षत युतं कुंभे प्रपूर्णा जलं
वींणा शंख रवौ वराह मिथुन गोरोचन श्री फलं
विप्रा वेद विदु प्रभात समये गो काचनं व्रीहयो
दूर्वा गंध सुतंदुला प्रति दिनं कुर्वंतु नो मंगलम् १२

श्रीमत् पंकज विष्टरो हरिहरो वायुर्महेन्द्रोनल
श्चंद्रो भास्करवित्तपाल वरुण· प्रेताधिपादि ग्रहाः
प्रद्युम्नोनल कूवर सुरगज श्चिंतामणि कौस्तुभः
स्वामि शक्ति धर श्चलां गलधर· कुर्वंतुनो मंगलम् १३

गौरीश्री कुलदेवता श्च सुभगा भूमिश्च पूर्णा शुभा
सावित्री च सरस्वति च सुरभी सत्यव्रता रुंधती
स्वाहा चांबुवति सुधाबु भगिनी दु स्वप्न वि·वंसिनी
वेला चांबुनिधे सुमीन मकरा कुर्वंतु नो मंगलम् १४

शेषस्तक्षक शंख काली कुमुदा यश्चस्थितो वासुकी
कंकोनंतक पद्म नाग्नि कशानि ख्याता चये पन्नगा

एते कानन गव्हेरपुजलधौ ये प्रेत रक्षे स्थिता
ते प्रातः स्मरणेन संतन मनः कुर्वंतु नो मंगलम् १५
शैलेंद्रो दशवेलर्विंध्य मलयः श्रीशैल मह्याद्रय
श्चंद्र द्रोण महेंद्र मंदरगीरी श्रीकंठ वासादय
प्रागुप्ण श्च रेवस्तुरंग मुखर प्रक्षार्ण शृंगादयः
सर्वे ये गिरयः सुमेरु साहिता कुर्वंतु नो मंगलम् १६
नीरंनार वहो नरो नर वरो नारायणो नारदो
नक्षत्राणि नभो नृसिंह नगरी नागारिनागानगाः
नागेंद्रो नर वाहनो नरपति नीला नदी नर्मदा
नारीणां नयना भिराम नयना कुर्वंतु नो मंगलम् १७
इत्येवं वर मंगलाष्टकमिदं पापौघ विध्वंसनं
पुण्यं च प्रति कालिदास कविना वृत्तः प्रबन्धैः कृतं
नित्यंयः पठने समाहितमनः प्राप्नोति संमगलं
गंगा सागर संगमे प्रति दिनं स्नानं च पुण्यं लभेत् १८

૯

વધુ પ્રતિજ્ઞા. (સપ્તપદીમાં)

(શાર્દૂલ)

સર્વે દુઃખ સુખો વિષે તમ તણી હું ભાગિની હે પતિ,
જે જે સ્થાન વિષે પ્રભુ વિચરતા ત્યાં આ પદોની ગતિ;
વાણી આ શુભકારી જે રસવતી વંદી વદું શાશ્વતિ,
પહેલું જે પદ ઉત્તમોત્તમ વિષે કન્યા રહી છે કથી. ૧

આ દાસી કદી ના ભુલે સરવથી કૌટુમ્બી રક્ષા વડી,
આબાલાદિક વૃદ્ધ તે સરવની સેવા કરૂ હર્ષડી;
આસ્ત નાસ્તિ વિષે હું સન્તુષ.સદા રાખું મહારી મતિ,
બીજું જે પદ તે વિષે વચન તે કન્યા વદે છે શુચી. ૨

ભર્તૃભક્તિરતા હું નિત્ય રહિને વાણી મધુરી વદું,
પ્રિયા પ્રિય મ્હને અમુક કૃતિમાં એ વાણી જાણી ગણું:
જે જે દ્રષ્ટિ દિસે પતિ તમ મને તે મિષ્ટ લાગે મ્હને,
ત્રીજું પાદ ભરંત તે સમયમાં કન્યા વદે મંડપે. ૩

આર્તે આર્ત સદા હું પ્રીય પતિ હું નિશ્ચે પતિચ્છાયિની,
છોડી સત પથ ના કદી વિચરું હું આનંદની દાયીની;
આજ્ઞાકારી હું લેશ ક્લેશ કદિ જો થાએ રહું આર્તિની,
ચોથું પાદ ભરે ખરે સમય તે વાણી વદે સાર્થકી. ૪

જે કાળે શુચિ સ્નાન હું થઈ રહું સ્ત્રી ધર્મમાં વીચરી,
સહધર્મી બનવા કદી નવ ચુકું માનો દ્વિતીયા રતિ:
ઇચ્છા સ્વાદિની માદિની, કૃતિ બધી છે માત્ર પ્રસ્વેદીની!
પંચમપાદ ભરંત તે સમયમાં કન્યાની વાણી રણી. ૫

આ વાણી વચને રહ્યા પ્રભુ સદા સાક્ષી તમો માનજો,
વંચીતા ન કદી બનું શપથ એ સાચા સદા જાણજો;
પક્ષે એ ઉભયેજ સાચી પ્રિતિ તે આત્યન્તિકી માનજો,
છઠ્ઠું પાદ ભરંત મંડપ વિષે કન્યા વદે વાણ જો. ૬
યજ્ઞાદિક સ્વધર્મ કર્મ મહિં હુ થાઊં સદા સ્હાયિની,
જે સ્વર્ગાદિ સુખો કરંત સઘળાં તેમાં રહુ કાયમી;
જે અલૈક રસે કદી નહિ પૃથક તે પ્રેમ નાંહી પ્રથક,
તેજે તેજ તે **તેજ** છે નહિ જુદું સમમ્ પદે તે સ(:) રસ(:) ૭

रमो वै मः

વર પ્રતિજ્ઞા.

(પીલુ કે આશાવરીમાં ગવાશે)

મારી પ્રાતજ્ઞા હું વદું સાચી, અગ્નિ સમક્ષ હું હૃદયે રાચી—મારી૦
ધર્મ પત્નિ છે નરનું અર્ધાંગ, હું મુજ ફેરૂ અર્પુ તુજ સંગ, ,,
હૃદય વિષે શુભ પ્રેમને ધારી, રક્ષા કરૂં હું હૃદય તુજ ઠારી, ,,
સકલ કુટુંબની સેવાનું સૂત્ર, તુજ કર સોંપુ તું મુજ મણિ નેત્ર, ,,
તારૂં કર્ત્તવ્ય તું મનમાં સમજે, ભાવ મનોજના અકલ સકલ તે. ,,
સન્તતિ સમ્પતિ સદ્ગતિ દાતા લગ્નની પાવિની શાસ્ત્રની આજ્ઞા, ,,
સંસાર કાર્યનો ભાર ઉતારી, સોંપુ હું તુજને ચાતુરીની જે ચાવી; ,,
વાણી મૃદુ ને આનંદકારી, હું વદી .ારજનું હૃદય ઠરી મ્હારી, ,,
પ્રાણુ થકી હું અધિક પ્રિય માની, જરી ન દુભાવુ તું મુજ સુખખાણી ,
કુલિન પિતાની કુલિન તું પુત્રી, માન કુલિન તુજ જે ઘરસત્રી, ,,

શાસ્ત્ર વિધીથી પતિ તું મારી બ્હેણ પ્રીતિની જે ઝાળી તે ઝાળી; ,,
ઐહિક સુખ સાથ ધર્મ ને અર્થ, કામ ને મોક્ષ છે તુજ કર સાર્થ, ,,
સદ્વર્ત્તનથી અસાર સંસાર, કરીએ સુધાસમ તુજ કર નાર, ,,
સુરલોક દેએ અહિંયાંજ બતાવી, હસ્તામલક પેર તોજ સંસારી, ,,
દેહૈકત્વ તો ભિન્ન રહ્યું શું ? આત્મૈકત્વ છે બ્રહ્મ, પછી શું ? ,,

વરના કુટુંબને મીઠા તીખા બે બોલ.

(માલણ ગુંથી લાવ—એ રાહ.)

હેલી આજ હર્ષની રહી વરસી, જેવી અવનિ તૃષિત પર ભરતી—
આજે આનંદે વરવધુ મ્હાલે, જેમ શિવ ગિરિજા કર ઝાલે—
આજે હરખની ખિલિ ફુલવાડી તેમાં મ્હાલે વધુવર ફાલી—
પ્રેમે પ્રોઇ પ્રમિત પરિમાળી, માળી પ્રેમે ગુથી પ્રેમ જાળી—
કામ દેનાર લેનાર કામ, કામ કામિની, કામિનિ કામ—
નથી કલ્પિત લેશ આ વાણી, એ તો શાસ્ત્ર વિહીત પ્રમાણી—
એમાં બાપાજીનુ છે શુ કામ! માતા વાણી તે મિથ્યા તમામ—
નણદી ટકટક કરતી તે ખાલી, શાને થાઓ નાગણ ઉપનામી ? —
સાસુ સાપિણી કહેવત કહેતી, શાને લૂટાવો ઝેરી ફજેતી—
વળી જેઠજી સક્કો બજાવે, ડંકો કરી ઘર આખું ગજાવે—
વડી જેઠાણી જાણે હું રાણી, હોય કાણી કે મોટાં કુલાંણી—
મારૂં ધાર્યું જો ઘરમાં ન થાય, તો તો હું પડુ કૂપની માહે—
સસરો ભુંગળ બત્રાઇની ફૂંકે, જેથી ગગન મંડળ પણ તૂટે—

પુત્ર વધુ નવ તરણા તોલ, એ તો રત્ન તેજસ્વી અમોલ—
લાજ ઘરની રહી એને હાથ, ડૂબાવે કે તારે એજ સાત—
નિજ હકની વધૂ લે કસોટી, શાને નિજ પીઠ મારો છો સોટી—
ગોતી આંણી કુલિનતાની ગોટી, શાને છોડો ભલા ત્રાસ ટોટી—
માયા માયા સાથે જવ મળશે, ભાનાં ભામાં બાનાં વ્હાનાં ગળશે—
સૂખ પામો વધૂવર સાચુ. વાણિ લલિત, પ્રભુ! જાચુ રાચું—

કન્યાની માતાને બે બોલ.

જમના કિનારે—રાહ.

ગૃહિણીજ તેજ ગૃહ વાણી પરમ સૂખદા,
પડે પાર માતૃ હૃદયમાં એ હોય જો કદા—ગૃહિણી૦
નિજ પુત્રિ કેળવી કરો પુનીત ને મુદા,
રણી માન થાય પ્રિય પતિ કેરી અંગના—
ભણેલ પતિ પત્નિ અભણ પુરણ આપદા,
કહો," તિમિર ને પ્રકાશ કેરી યારી થૈ કદા?—
માતનો સુબોધ પુત્રિને સુખાવહા,
પુજાય પતિ ઘેર તેની સબળ એ દવા—
કાર્યભાર સર્વ સાસરે વહે સદા,
શ્વસુર ગૃહે રાણી બને માત હાથમાં—
કુલિનતાનુ કલ્પ વૃક્ષ જો સિંચ્યો સદા,
તોજ પુત્રિ જન્મ સફળ તોજ કામદા—

પ્રેમ સ્ફુરણા.

અહો પ્રેમરાજ રાજે, શો દિવ્ય સાજ સાજે શુચિ,
શુદ્ધ હૃદય માં તે સુઅંગમાં સુરંગમાં—શો પ્રેમ૦
ઉમંગ પુરે સંચરે, કો તેની ગતિ ના કળે—શો પ્રેમ૦

કો વ્યક્તિના હૃદયમાં સ્ફુરતો તનખો એક,
તેને યોગે અન્યને હૃદયે પ્રકટે તેજ;
અધિકાધિક દીપ્તી થયે વૃદ્ધિ પામતો થાય,
અનેક વ્યક્તિમાં પછી પ્રવેશ કરતો જાય.

રિઝવિ સર્વ મંન, રાજ તેજમાં પ્રકાશતો,
વિશ્વમાંહી સંધે વિરાજતો—વિકાસતો—શો પ્રેમ૦

એમ રાજ્ય નિજ થાપીને વિશ્વવિહારી થાય
તેનો વેગ ન કાળ કે અન્ય થકી રોકાય;
સમગ્ર આ બ્રહ્માંડને જ્યોતિમય કરી દેય,
ઉદાર નીજ પ્રકાશમાં સર્વ ઉતારી લેય.

ખિલવી રોમ રોમ જાત નીજની ઝગાવતો,
સ્વપ્રકાશમાંહી સમાવતો—ન અન્ય કો—અભેદ કહો—શો પ્રેમ૦

પ્રેમબળ

(ગરબો)

પતિના પતિ પરમેશ પ્રણમી પ્રાર્થના કરૂં,
જે છે વિઘ્નહારી કાર્ય સિદ્ધિ સારતો,
વિનાયકૈક સગુણ બ્રહ્મ સ્હાય સદા આપતો. ૧
સખી પતિ પતિ પ્રણયની છે પરમ પીઠીકા,
જે ના વર્ણથી વરણાય વાણી વિરમતી,
સ્ફૂરે હ્રદયમાંહી ને ત્યાંહી વિરાજતો. ૨
સખી જીવન કેરૂં શ્યામ અભ્ર છાઇ છે રહ્યું,
તેમાં પ્રેમ એક ધનુ સમું વિરાજતુ
સુરંગો જોઇ મોહે ચકિત ચિત્ત ઠારતું. ૩
સખી સાંજને સ્હવારનો એ દૃશ્ય તારલો,
પ્રતિ હ્રદયને તેજીત કરી ઠારતો,
કુટુંબી સંપજંપ ને આનંદ ને વધારતો. ૪
કળા કૈશલ્ય કેરો જનક એજ તારલો,
કવિ તત્વજ્ઞાની દેશ અભિમાનીને
સતેજ કરી રંગો વિવીધમાં રંગાડતો. ૫
અમર આત્મ તત્વ સિદ્ધ કરી એજ આપતો,
સૂર મધુર થકી સકલ વિશ્વ વ્યાપતો,
એ પ્રણય પ્રણવમાંહી પ્રવેશીને વિરામતો. ૬
સખી પ્રેમ જાદુકાર ઇંદ્રજાળ પાથરે,
નરી મિટ્ટીમાંથી રાણી નૃપતિ રાજ્યને
ઉદ્દભાવીવસ્તુમાત્રને સજીવ હસ્ત દાખતો. ૭

ચંદ્ર સૂર્યને નક્ષત્રો બધાં પ્રેમમા ઝુલે,
પ્રેમાકર્ષણીક શક્તિથી ધુમી રહે,
સુસંપે કંપે લેશ નાહીં વિશ્વ તણો તંત્રતે ૮
સૃષ્ટિ વ્યષ્ટિને સમષ્ટી પ્રેમધુરી પરે ફરે,
અણુ માત્ર તે નિજસ્થાન થકી ના ચળે,
શિખડતો એ સર્વ પ્રાણી માત્રતણો ધર્મ તે ૯
પ્રેમ રસ વડેજ કસ દિસંત વસ્તુ માત્રમાં,
જેમ ગાઢને ચિકાસ ભર્યો તેમ તે,
ઝમાવતો પરમાણુ શિથીલ કે સંગીન તે. ૧૦
પ્રેમ પુષ્પ કાંઇ અજબ ચમત્કારી વસ્તુ છે,
જેની વાસના પરાગ મધુર મઘમઘી,
નમાવી નેત્ર ક્ષેત્ર ધન્યવાણી વદાવતું ૧૧
નિશો પૂર લાવી દૈવી મોહ તે સ્ફુરાવતુ,
વિના તે, મનુષ્ય પશુ થકી પણ પામરૂ,
તે હોયતો સંસાર સ્વર્ગ દિવ્ય પદું આપણું. ૧૨
લલિત વાણી સુમન થાળી ધરી નાગરી નરી,
લો ઉપાડી જે પ્રસન્ન ખરા ભાવથી,
પ્રસન્ન લગ્ન કેરી પ્રસન્નતાની લાહણી. ૧૩

સન્નારીઓ! પુત્રિને કેળવો.

ખરે જનતા જનો પામે ભણે સન્માર્ગમાં ચાલે
સન્માર્ગમાં ચાલે ડગે નહિ હિંમતે હાલે. ભણે—ટેક
ધર્મનીતિ ધારીને નિત મનમાં ચાલે,

નીજ ભગિનીઓ તણાં તે હિત મહિં મ્હાલે. ભણે—૧
વ્હેમ રાક્ષસને હણી સુવિચારમાં ચાલે,
બુદ્ધિથી તુલના કરી તે કુપથને ટાળે. ભણે—૨
અભણ પત્નિનો પતિ તે કર દીએ ભાળે,
શુ ભોગવે સંસારસુખ નિજ તંનને ગાળે.
તનને ગાળે રૂધિર નિજ અન્યનુ બાળે. —૩
અભણ માતા શુ વિકાળે ? અવનતિ લાવે
સતતિની વિજ્ઞતિની કુળિ કુંપળ બાળે
કુળિ કુપળ બાળે સુવાસિત સુમન ક્યાર્થી બાળે —૪
પુત્રિ શિક્ષિત નિજ પતિને પ્રભુ ગણી ચાલે,
બની સુસસ્કારી બીજાને તે ભણી વાળે. ભણે—૫

લ. લા. વ્યાસ.

ાંચેલા જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં
ા લલીતાશંકર ભાઈશંકર વ્યાસ
માટે છાપ્યા.